D-1601010102010100 Seat No. ______

# M. A. (Sem. I) Examination

**March - 2022**

## Gujarati

*(ભાષા-સાહિત્ય કૌશલ) (Old Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) બધા જ પ્રશ્નોના ગુણ સમાન છે.

(2) કોઈ પણ પાંચ પ્રશ્નોના ઉત્તર આપો.

1 નીચે આપેલ કવિતાનો આસ્વાદ કરાવો : **14**

**રહ્યાં વર્ષો તેમાં -**

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌંદર્ય જગનું
ભલા પી લે, વ્હીલે મુખ ફર રખે, સાત ડગનું.
કદી લાધે જે જે મધુર રચીલે સખ્ય અહીંયા,
નથી તારે માટે થઈ જ, નિરમી 'દુષ્ટ' દુનિયા.
- અહો નાનારંગી અજબ દુનિયા ! શે સમજવી ?
તને ભોળાભાવે કરું પલટવા, જાઉં પલટી,
અહંગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી !
વિસારી હું ને જો વરતું, તે વરતે તું મધુરવી. -

મને આમંત્રે ઓ મૃદુલ તડકો, દક્ષિણ હળા,
દિશાઓનાં હાસો, ગિરિવરતણાં શૃંગ ગરવાં,
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે,
જનોત્કર્ષે હ્રાસે રમ ઋતલીલા અભિરમે,
- બધો પી આકંઠ પ્રણય ભુવનોને કહીશ હું :
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.

**- ઉમાશંકર જોશી**

2 નીચે આપેલ કવિતાનો આસ્વાદ કરાવો : 14

**મળે ન મળે**

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે,
પછી આ દશ્ય સ્મૃતિપટ ઉપર મળે ન મળે.
ભરી લો શ્વાસમાં એની સુગંધનો દરિયો,
પરિચિતોને ધરાઈને ભીની અસર મળે ન મળે.
આ હસતા રહેશ, આ મીઠી નજર મળે ન મળે.
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે ન મળે.
રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,
પછી કોઈ ને કોઈની કબર મળે ન મળે.
વળાવા આવ્યા છે એ ચહેરા ફરશે આંખોમાં,
ભલે સફરમાં કોઈ હમસફર મળે ન મળે.
વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

**- આદિલ મન્સૂરી**

3 નીચે આપેલા ગદ્યખંડનું સારલેખન કરો : 14

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહીં. મેઘરાજા દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા, નદી કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય, સાચે જ નદી જનસમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે, નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન ઘટે છે, તો નદીને પણ વંદન કરવું ઘટે છે.

**- કાકાસાહેબ કાલેલકર**

4 નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : 14

સઘળું સર્જન, તેની અંતરતમ પ્રક્રિયાના રહસ્યમાં જોવા જઈએ તો, એક જાતની અગમ્ય ઘટના છે. એ સર્જનના માત્ર અત્યંત સ્થૂળ અથવા તો યંત્રવત્ અંશનું જ બહુ બહુ તો પૃથક્કરણ થઈ શકે. કવિતાની સર્જનાત્મક શક્તિ પણ આમાં અપવાદ નથી. કવિ એક એવો જાદુગર છે જે ભાગ્યે જ પોતાના જાદુનું રહસ્ય જાણતો હોય છે. સર્જનમાં તેનું મન આલોચનાત્મક કે રચનાત્મક રીતે જે ભાગ જ્ઞાનપૂર્વક ભજવે છે તે પણ બુદ્ધિ કરતા સહજ પ્રજ્ઞાની વિશેષ ક્રિયા હોય છે. અધ્યાત્મ શક્તિની વાહિની અથવા તો કરણ બની રહે છે અને એ સર્જનનો રસાસ્વાદ લેવાનું કાર્ય કવિ પોતે કે બીજાએ બૌદ્ધિક વિવેક દ્વારા નહીં પણ આધ્યાત્મિક સંવેદના દ્વારા જ કરે છે.

**- શ્રી અરવિંદ**

5 છંદ એટલે શું ? તેના સ્વરૂપ અંગે સમજાવો. 14

6 અલંકાર એટલે શું ? તેનો મહિમા સ્પષ્ટ કરો. 14

7 ગુજરાતી સાહિત્યમાં તત્સમ અને તદ્ભવ જોડણીના નિયમો અંગે સાધાર ચર્ચા કરો. 14

8 પ્રૂફવાચનમાં વપરાતી વિવિધ સંજ્ઞાઓનો સાધાર પરિચય કરાવો. 14

9 ટૂંકનોંધ લખો : 14

(1) શિખરિણી અને પૃથ્વી છંદ ઉદાહરણ સાથે સમજાવો.

(2) દોહરો અને ઝૂલણા છંદની સમજૂતી આપો.

10 ટૂંકનોંધ લખો : 14

(1) શબ્દાનુપ્રાસ અને વર્ણાનુપ્રાસ અલંકાર સદૃષ્ટાંત સમજાવો.

(2) ઉપમા અને ઉત્પ્રેક્ષા અલંકારની સોદાહરણ ચર્ચા કરો.